# બાવો બેયનું બગાડશે?

બાબાજી, પ્રાણીઓને ચાહનાર મેનકા તેની સાસુ ઇન્દિરાજીને કેમ ચાહી શકેલી નહીં એ કહેશો?'
'પાળેલા પ્રાણીને ચાહવું અને હિંસક પ્રાણીને ચાહવું એ બંને અલગ અલગ બાબત છે, સમજ્યો?'

કોંગ્રેસી નેતા દિગ્વિજયજીએ પડકાર ફેંક્યો કે રાજકારણમાં આવતાં પહેલાં તમે તમારી સ્થાવર-જંગમ સંપત્તિ જાહેર કરી દો તો આપે સામે એમ કહ્યું કે પહેલાં સોનિયા ગાંધી તેમની સ્વિસ બેંકમાં પડેલી ડિપોઝિટો સમેતની મિલકતો જાહેર કરે તો એની બીજી જ મિનિટે મારી સઘળી મિલકતો પ્રજા સમક્ષ જાહેર કરી દઉં.

અખાડા બાબા તરીકે ઓળખાતા આ બાબાએ કાદવ-કીચડથી ભરેલા રાજકારણ નામના ખાડામાં ઝંપલાવી ચૂંટણીઓ લડવાની જાહેરાત કરી છે. ચૂંટણીઓ લડવા કોંગ્રેસ તેમજ ભા.જ.પ.ને ફંડફાળા ઉઘરાવવા લોકોની દાઢીઓમાં હાથ ઘાલવા પડે છે, જ્યારે આ મુદ્દે રામદેવ બાબા ખમતીધર છે.

આપણા દેશમાં બે જ ધંધા મૂડી વગર તેમજ કોઇ પણ જાતનું જોખમ ખેડ્યા વગર ચાલે છે. એક તો સાધુબાવાગીરીનો અને બીજો રાજકારણનો. કેટલીકવાર સંસારમાંથી વૈરાગ્ય આવી જવાથી માણસ બાવો થઇ જવાનું પસંદ કરતો હોય છે, પરંતુ આ લખનારે હજી સુધી એક પણ એવો રાજકારણી જોયો નથી કે જેને રાજકારણમાંથી મન ઊઠી જવાથી તે રાજકારણ છોડી સાધુ-બાવાઓની જમાતમાં ભળી ગયો હોય. હા, ભૂતકાળમાં ધીરેન બ્રહ્મચારી અને ચન્દ્રાસ્વામી જેવા સાધુ-સંતોએ સીધા રાજકારણમાં પડ્યા વગર પોલિટિશિયનો જોડે ઘરોબો કેળવ્યો હતો, કેમ કે તે પેલી જૂની કહેવત 'એમાં તો બાવાના બેય બગડે' જાણતા હતા.

આ કહેવતની બાબા રામદેવને ખબર છે કે નહીં એની અમને ખબર નથી, પણ અખાડા બાબા તરીકે ઓળખાતા આ બાબાએ કાદવ-કીચડથી ભરેલા રાજકારણ નામના ખાડામાં ઝંપલાવી ચૂંટણીઓ લડવાની જાહેરાત કરી છે. આ બાવો રાજકારણમાં પડશે તો આપણો ગરાસ લૂંટાઇ જશે, આપણી વોટબેંક હતી ન હતી થઇ જશે એવો ફડકો કોંગ્રેસ અને ભા.જ.પ. બંને એક્સાથે અનુભવી રહ્યા છે. આ બાવો આપણા બેયનું બગાડશે. એનું મુખ્ય કારણ એ છે કે ચૂંટણીઓ લડવા કોંગ્રેસ તેમજ

ભા.જ.પ.ને ફંડફાળા ઉઘરાવવા લોકોની દાઢીઓમાં હાથ ઘાલવા પડે છે, જ્યારે આ મુદ્દે રામદેવ બાબા ખમતીધર છે. જોવાની ખૂબી પાછી એ છે કે એ એવા કોઇ જ્યોતિષી નથી જે મોટા માણસોનું ખરું-ખોટું ભવિષ્ય ભાખી પોતાનો વર્તમાન સમૃદ્ધ કરી દે. તે તાંત્રિક પણ નથી જે મંત્ર-તંત્ર વગેરે દ્વારા કોઇને શીશામાં ઉતારી શકે. પરંતુ યોગ પર તેમનું ખાસ્સું પ્રભુત્વ છે. આ યોગમાં પ્રચંડ શક્તિ છે.

જેના પ્રતાપે તે છેલ્લાં દસેક વર્ષમાં રૂપિયા ૧૧૭૦ કરોડ કમાઇ ચૂક્યા છે. યોગનો ચમત્કાર આને કહેવાય. આજે એવા લાખો માણસો છે જે બાબાની શિબિરમાં જાય છે ને તે આજ્ઞા કરે ત્યારે (કામચલાઉ ધોરણે) પોતાની આંખો ઉઘાડ-બંધ કરે છે, હાથ-પગ ઊંચા-નીચા કરે છે. ડોકી ડાબે-જમણે ફેરવે છે. સૂચના પ્રમાણે આટલા બધા માણસોને વર્તવાનું કહેનાર એક પણ નેતા કોંગ્રેસ યા ભા.જ.પ. પાસે નથી એ બંને માટે ચિંતાનો વિષય છે.

આ બાબા સાથે અમે કરેલા કાલ્પનિક સંવાદના થોડાક રસપ્રદ અંશ:

‘બાબાજી, આપ તો સંતની કક્ષા ધરાવો છો અને સાધુપુરુષ તો ગમા-અણગમાથી પર હોય છે, ઉપર હોય છે તો આપને નહેરુ-ગાંધી કુટુંબની એલર્જી કેમ છે? આપ ગાંધી પરિવાર માટે એમને અપ્રિય એવા આક્ષેપો કરવાની એક પણ તક છોડતા નથી પણ નહેરુને કેમ વચ્ચે લાવો છો? એમને હું વચ્ચે નથી લાવતો એ તો આ બધાના પાયામાં છે, મૂળમાં છે...’

‘પણ રાજીવ ગાંધી તો ભલા હતા...’ શેનો ભલો માણસ! એની વાઇફ આપણા દેશને કેટલી બધી મોંઘી પડી! રાજીવ જો વિદેશી સ્ત્રી સોનિયાને ન પરણ્યો હોત તો તેનો બનેવી ઓટ્ટોવીઓ કવોટ્રોચી ઇન્ડિયામાં કઇ સગાઇએ પગ મૂકી શક્યો હોત! બોફોર્સ તોપમાં તે રૂપિયા ૧૬૦ કરોડની કટકી ખાઇ ગયો ને એની સામેનો કેસ લડવામાં ૨૫૦ કરોડ રૂપિયાની દેશને ચાકી બેસી ગઇ, આને જ ખાતર પાછળ દીવેલ કહેવાય ને કેસ તો પાછો બંધ કરવો પડ્યો. સરવાળે ભાગાકાર થયો કે બીજું કંઇ! વિદેશીની ચળવળ ચલાવવાની પ્રેરણા મને આ સ્ત્રીમાંથી મળી છે. એને બદલે રાજીવ આપણી કોઇ દેશી છોકરીને પરણ્યો હોત અને આવું બન્યું હોય તો એ દીકરી, ઓટ્ટોવીઓ હોત કે ઓચ્છવલાલ, જે હોય તેને કાંઠલો પકડીને અહીં ઢસડી લાવીને ખાધેલાં નાણાં વ્યાજ સાથે ઓકાવત.

સાસરીના રૂપિયા તે કંઇ પિયરિયાને ખાવા દેવાય? તને કહી દઉં કે જો મારો પક્ષ સત્તા પર આવશે તો ભારતની પ્રજાના પરસેવાના આ રૂપિયા સોનિયા પાસેથી વસૂલ કરીશ. તું આ સ્ત્રી તો જો, કેટલી બધી મીંઢી છે કે તેણે તેના બનેવીના કૌભાંડ બદલ સોરી કહેવા જેટલો વિવેક પણ દાખવ્યો નથી અને આ બાજુ પ્રધાનમંત્રી મનમોહન જુઓ આપણે બધા જ જાણીએ છીએ કે કૌભાંડના મામલે પોતે તદ્દન અણીશુદ્ધ હોવા છતાં ભરી સભામાં કેવી દિલગીરી જાહેર કરી દીધી!... આપણા યુવાનોએ વિદેશી નહીં, સ્વદેશી છોકરીને જ પરણવાનો આગ્રહ રાખવો જોઇએ, એ બહુ પ્રેમાળ હોય છે. રાજીવ ગાંધીના નાના ભાઇ સંજયની પત્ની મેનકાનો જ દાખલો લો કેટલી બધી પ્રેમાળ છે, પ્રાણીઓને પણ કેટલું ચાહે છે...

‘પણ બાબાજી, પ્રાણીઓને ચાહનાર મેનકા તેની સાસુ ઇન્દિરાજીને કેમ ચાહી શકેલી નહીં એ કહેશો?’ ‘પાળેલા પ્રાણીને ચાહવું અને હિંસક પ્રાણીને ચાહવું એ બંને અલગ અલગ બાબત છે, સમજ્યો?’ ‘આપને કોંગ્રેસી નેતા દિગ્વિજયજીએ પડકાર ફેંક્યો કે રાજકારણમાં આવતાં પહેલાં તમે તમારી સ્થાવર-જંગમ સંપત્તિ જાહેર કરી દો તો આપે સામે એમ કહ્યું કે પહેલાં સોનિયા ગાંધી તેમની સ્વિસ બેંકમાં પડેલી ડિપોઝિટો સમેતની મિલકતો જાહેર કરે તો એની બીજી જ મિનિટે મારી સઘળી મિલકતો પ્રજા સમક્ષ જાહેર કરી દઉં. તો આપ માનો છો કે તેમની પાસે અઢળક બેહિસાબી નાણું છે?’

‘એકલો હું જ આવો આરોપ નથી મૂકતો. સુબ્રમણ્યમ સ્વામી અને એડવોકેટ રામ જેઠમલાણીએ પણ આ જ આરોપ વારંવાર મૂક્યો છે ને સોનિયા ગાંધીએ પણ અમને કોઇને બદનક્ષીનો દાવો માંડવાની નોટિસ નથી આપી.’ ‘કિન્તુ લાલકૃષ્ણ અડવાણીજીએ તો બહેનજી પર ભૂતકાળમાં આવો જ આક્ષેપ કરવા બદલ તેમની માફી માગી લીધી.’

‘ઉતાવળ કરી નાખી, માફી માગવામાં. જોકે એની પાછળ એમનું કોઇ ગણિત હશે. એ ગણિતમાં પહેલેથી જ નબળા છે એટલે એમના માંડેલા ગણિતના બધા દાખલા ખોટા પડે છે એ તો ઠીક, પણ એમને રીતના માર્ક્સ પણ ‘નથી મળતા.’ ‘આપે જાહેર કર્યું છે કે આપ રાજકીય પક્ષ સ્થાપવાના છો પણ ચૂંટણી લડવાના નથી, એનું કારણ?’ ‘મને કિંગ બનવા કરતાં કિંગમેકર બનવાની પ્રેરણા ચાણક્યએ આપી છે. ચાણક્યએ કહ્યું છે કે જે મજા કિંગમેકર થવામાં છે એ કિંગ બનવામાં નથી.

સાચી સત્તા કિંગમેકર ભોગવે છે. કિંગ તો કહેવા પૂરતો જ કિંગ ગણાય છે. સોનિયાએ આ વિચાર ચાણક્યમાંથી ઉપાડ્યો છે...'

'આપે ગરીબી કે બેકારીને દૂર કરવાને બદલે દેશમાંથી ભ્રષ્ટાચારને નાબૂદ કરવાની જાહેરાત કરી છે. આપ તો જાણો છો કે ઠેઠ ભોજરાજાના સમયમાં પણ લાંચ રુશ્વત અને ભ્રષ્ટાચાર હતો જેનો ઉલ્લેખ કવિ કાલિદાસે શાકુન્તલ નાટકમાં કર્યો છે. આપે એને દૂર કરવાનું કેમ કહ્યું?' 'એટલા માટે કે કોંગ્રેસ યા ભા.જ.પ. ભ્રષ્ટાચાર હટાવવાની વાત કરશે તો લોકો તેને રમૂજ ગણી હસી પડશે.

તાજેતરની વાત કરું તો ઉત્તરાખંડની ભા.જ.પ. સરકારના એક મંત્રીએ ટ્રસ્ટ ચલાવવાની મંજૂરી માટે બે કરોડ રૂપિયાની લાંચ મારી પાસે માગી હતી...' 'એ મંત્રીનું નામ કહેશો?''કોણ હતો એ બે માથાળો?' 'એનું નામ નહીં આપું. લોકો ભલે તમામ ભા.જ.પી. મંત્રીઓ સામે શંકાની નજરે જુએ...'

'હવે મારો આખરી સવાલ. બાબા, આપ ધારો તો કાપડની અનેક મિલો શરૂ કરી શકો એટલું ચિક્કાર ધન આપની પાસે હોવા છતાં આપ શરીર અડધું પડધું ઉઘાડું રહે એટલાં ઓછાં વસ્ત્રોથી ચલાવી લો છો એટલે મને ચિંતા એ થાય છે કે આ ધનનું આપની હયાતી બાદ શું થશે? એ કોની પાસે જશે?' મારો આ સવાલ સાંભળીને તેમનું આખું શરીર કદાચ ક્રોધથી ધ્રૂજવા માંડ્યું.- અને હું સરકી ગયો.

સાભાર: ઈદમ્ તૃતીયમ્ - વિનોદ ભટ્ટ-દિવ્યભાસ્કર